# Most Imp Current Affairs - 1 to 15 August 2026

## 1 ઓગસ્ટ

- લોકસભામાં જન્મ મૃત્યુ નોંધણી (સુધારા) વિધેયક, 2026 ધ્વનિમતથી પસાર કરીને રાજ્યસભામાં મોકલવામાં આવ્યું. વર્તમાનમાં જન્મ અને મૃત્યુના 1 વર્ષથી જૂના મામલાઓમાં ડીએમ, એસડીએમ અથવા એકઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ મંજૂરી આપે છે. નવા બિલમાં તેઓ 1થી 2 વર્ષ સુધીના વિલંબ માટે જ મંજૂરી આપી શકશે. બે વર્ષ પછી પ્રથમ શ્રેણીના ન્યાયિક મેજિસ્ટ્રેટ પાસેથી મંજૂરી લેવી પડશે. જો 2 વર્ષ બાદ નોંધણી કરવાની થાય તો તે માટે ફરજીયાત કોર્ટની મંજૂરી લેવી પડશે અને પુરાવાઓ આપવા પડશે.

- **મેઘાલય સરકારે** ઇલેક્ટ્રિક વાહન (EV) નીતિ 2026ને મંજૂરી આપી. ઈલેક્ટ્રિક વાહન ખરીદવા પર 25,000 રૂપિયા સુધીની પ્રોત્સાહન રકમ મળશે અને રજીસ્ટ્રેશન ફી સંપૂર્ણપણે માફ રહેશે. આ લાભ ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર EV પર પણ મળશે. રાજ્યભરમાં ચાર્જિંગ સ્ટેશનો બનાવવામાં આવશે.

- સંસદે જાહેર પરીક્ષા (અનુચિત સાધનો રોકવા બાબત) સંશોધન વિધેયક, 2026 પસાર કર્યું. પેપર લીક જેવા અપરાધોમાં દોષિત સાબિત થવા પર **5થી 10 વર્ષ** સુધીની જેલ અને **50 લાખ** રૂપિયા સુધીનો દંડ ફટકારી શકાશે. સંગઠિત અપરાધ પર **7 વર્ષ જેલ** અને **10 કરોડ** સુધીનો દંડ થશે.

- પીએમ નરેન્દ્ર મોદીએ **મૈસુરમાં** સ્વામી વિવેકાનંદ સાંસ્કૃતિક યુવા કેન્દ્ર- વિવેક સ્મારકનું ઉદ્ઘાટન કર્યું. 130 વર્ષ પહેલાં સ્વામી વિવેકાનંદ મૈસુર પહોંચ્યા હતા અને ત્યારના મહારાજાએ તેમને સહયોગ કર્યો હતો. અમેરિકાથી લખેલા એક પત્રમાં સ્વામી વિવેકાનંદે મહારાજાના સમર્થનનો ઉલ્લેખ કર્યો હતો.

- વિશ્વભરમાં પર્વતારોહણ માટે જાણીતા **નિમ્સ** તરીકે ઓળખાતા મૂળ નેપાળના **નિર્મલ પુરજાનું** વિશ્વના 12માં સૌથી ઉંચા પહાડ પર ચડતી વખતે મોત નિપજ્યું. માઉન્ટ એવરેસ્ટ, મકાલુ અને એલહોટ્સે પહાડોને માત્ર 48 કલાકમાં પાર કરીને વિશ્વ રેકોર્ડ સ્થાપનારા નિર્મલ અનેક પર્વતારોહકો માટે પ્રેરણા સમાન હતા.

## 2 ઓગસ્ટ

- વરિષ્ઠ જીવાશ્મ વિજ્ઞાની **વર્ષા અશોક અગલાવેએ** ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ (જીએસઆઇ)ના 54મા ડાયરેક્ટર જનરલ તરીકેનો પદભાર સંભાળ્યો. તેઓ જીએસઆઇના 176 વર્ષના ઇતિહાસમાં પ્રથમ મહિલા પ્રમુખ બન્યા છે. જીએસઆઇની સ્થાપના 1851માં થઇ હતી.

- ભારતીય સેના પ્રમુખ જનરલ **ધીરજ સેઠે** નવી દિલ્હીમાં સ્વદેશી ટેકનીકથી બનેલા એક્સટ્રીમ વેધર ગ્રેડ ડીઝલનું અનાવરણ કર્યું. આ વિશેષ ઈંધણ માઇનસ 42 ડિગ્રી સેલ્સિયસ સુધીના તાપમાનમાં પણ જામતું નથી અને સામાન્ય રૂપથી કામ કરે છે. તેને ભારતીય સેના અને જાહેર ક્ષેત્રની તેલ કંપનીઓએ મળીને વિકસિત કર્યું છે.

- **વિશ્વ સ્તનપાન સપ્તાહ (1થી 7 ઓગસ્ટ)**ની શરૂઆત વચ્ચે જાહેર થયેલ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે 6ના આંકડા સામે આવ્યા છે. રાજ્યમાં **97.1 ટકા** પ્રસૂતિ હોસ્પિટલમાં થાય છે, છતાં જન્મના પ્રથમ અને સૌથી

મહત્વપૂર્ણ 'ગોલ્ડન અવર'માં માત્ર **46.9 ટકા** નવજાતને જ માતાનું પ્રથમ દૂધ મળે છે. છતાં ગુજરાત હજુ પણ દેશની 50.1 ટકાની સરેરાશથી પાછળ છે. બીજી તરફ, જન્મથી પ્રથમ 6 મહિના સુધી માત્ર માતાનું દૂધ આપવાનો દર 65 ટકાથી વધીને 71.4 ટકા થયો છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં સારો છે.

- **ભારત અને માલદીવે** ડિજિટલ ચૂકવણીને લઈને નવી પહેલ કરી. **માલદીવનું 'ફવારા'** ચૂકવણી તંત્ર ભારતના UPI થી જોડાઈ ગયું. આનાથી માલદીવના નાગરિકો પોતાની મોબાઈલ એપથી ભારતના બેંક ખાતાઓમાં તરત પૈસા મોકલી શકશે. આ સુવિધા હાલ બેંક ઓફ માલદીવ અને માલદીવ ઇસ્લામિક બેંકની સાથે શરૂ કરવામાં આવી છે.

- કેન્દ્રીય કેબિનેટે **PM સૂર્ય સરોવર યોજના** શરૂ કરવાનો નિર્ણય કર્યો. તેનો ઉદ્દેશ્ય દેશનાં જળાશયો અને ઔદ્યોગિક તળાવો પર ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટ (પાણી પર તાલતા સોલર પેનલ) લગાવવાનો છે. આના માટે 5,070 કરોડ રૂપિયાનું બજેટ મંજૂર થયું. લક્ષ્ય 2030-31 સુધી 5000 મેગાવોટ સૌર ઊર્જા ક્ષમતા વિકસિત કરવાનું છે.

- એર માર્શલ **સંદીપ તનેજા** સશસ્ત્ર દળ ચિકિત્સા સેવાના મહાનિર્દેશક બન્યા. તેઓ હાલ વાયુસેનાના ચિકિત્સા સેવા મહાનિર્દેશક છે. તેમણે ગગનયાન મિશનની ચિકિત્સા તૈયારીઓ અને ભીષ્મ ક્યુબ જેવી ચિકિત્સા પ્રણાલીઓને લાગુ કરવામાં ભૂમિકા ભજવી છે. તેઓ સેના મેડલ અને બે વાર વિશિષ્ટ સેવા મેડલથી સન્માનિત છે.

- ભારતીય સેનાના પૂર્વ પ્રમુખ જનરલ **વિશ્વનાથ શર્મા (નિવૃત્ત)નું** નિધન . તેઓ 1988થી 1990 સુધી ભારતીય થલ સેનાના **14મા** પ્રમુખ રહ્યા. તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ પરમવીર ચક્ર વિજેતા મેજર સોમનાથ શર્માના નાના ભાઈ હતા. તેમણે 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં પણ ભાગ લીધો હતો.

## 3 ઓગસ્ટ

- ભારતમાં વેપાર અને રોકાણ વધારવા માટે **જાપાને** નવો વિભાગ બનાવ્યો. **'જાપાન-ઈન્ડિયા ઈકોનોમિક અફેર્સ ડિવિઝન'** નામનો આ 10 સદસ્યીય વિભાગ વિદેશ મંત્રાલય હેઠળ કામ શરૂ કરશે. આ વિભાગ જાપાનની નાની કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સને ભારતીય બજારમાં પ્રવેશવામાં મદદ કરશે. જાપાને 10 વર્ષમાં ભારતમાં 5.84 લાખ કરોડના રોકાણનો લક્ષ્યાંક છે.

- 3 ઓગસ્ટ: રાષ્ટ્રીય અંગદાન દિવસ. નેશનલ ઓર્ગન એન્ડ ટીશ્યું ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા આ દિવસ **આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય** હેઠળ ઉજવવામાં આવે છે. વર્ષ 2010થી 2022 સુધી આં દિવસ 27 નવેમ્બરે ઉજવાતો હતો પરંતુ વર્ષ 2023 થી 3 ઓગસ્ટ આં દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી. **ભારતમાં પ્રથમ સફળ અંગ પ્રત્યરોપણ 3 ઓગસ્ટના રોજ** કરવામાં આવ્યું હતું તેની યાદમાં આ દિવસ જાહેર કરવામાં આવ્યો. મૃત્યુ પછી વ્યક્તિ કિડની, લીવર, ફેફસા, હૃદય, સ્વાદુપિંડ અને આંતરડા જેવા મહત્વપૂર્ણ અંગોનું દાન કરીને 8 લોકોને નવું જીવન આપી શકે છે અને કોર્નિયા, ત્વચા, હાડકા અને હૃદયના વાલ્વ વગેરે પેશીઓનું દાન કરીને ઘણા લોકોનું ગુણવત્તાયુક્ત જીવન સુધારી શકે છે. સૌ પ્રથમ જીવંત દાતા અંગ પ્રત્યારોપણ USમાં 1954માં કરવામાં આવ્યું હતું. ડોક્ટર જોસેફ મુરએ જોડિયા ભાઈઓ રોનાલ્ડ અને રિચાર્ડ હેરિક વચ્ચે કિડની ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક કરવા માટે 1990માં ફિઝિયોલોજી અને મેડિસિનમાં તેમને નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ **આંધ્રપ્રદેશના ભોગાપુરમ** વિસ્તારમાં આવેલા **અલ્લુરી સીતારામ રાજુ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું** ઉદ્ઘાટન કર્યું. GMR ગ્રુપ દ્વારા નિર્મિત આ એરપોર્ટનો અંદાજિત ખર્ચ ₹5,000 કરોડ છે અને તે ઉત્તર આંધ્રપ્રદેશ માટે એક પ્રમુખ એવિએશન હબ તરીકે ઉભરી આવશે. આં એરપોર્ટમાં વાર્ષિક 60 લાખ મુસાફરોનું આવાન જાવન ક્ષમતા જોવા મળશે.

- ગ્લાસગો ખાતે યોજાયેલી 2026 કોમનવેલ્થ ગેમ્સમાં પુરુષોની જેવલિન થ્રો (ભાલા ફેંક) સ્પર્ધામાં ભારતે ડબલ પોડિયમ ફિનિશ કરીને નવો ઇતિહાસ રચ્યો. ઓલિમ્પિક ચેમ્પિયન **નીરજ ચોપડાએ** સિલ્વર મેડલ મેળવ્યો છે, જ્યારે 24 વર્ષીય યુવા ખેલાડી **યશવીર સિંહે** બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે**.** નીરજે 85.83 મીટર અને યશવીરે 85.41 મીટરનો થ્રો કર્યો હતો. શ્રીલંકાના રુમેશ પથિરાગેએ 89.75 મીટરના થ્રો સાથે ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો.

- ભારતીય એથલીટ **તેજસ્વીન શંકરે** કોમનવેલ્થમાં ડેકાથલોનમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો.

- ઓસ્ટ્રેલિયાની **લૂઇઝ હોસ્કિન્સે** 76 વર્ષની વયે ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં પોતાની સાથી સેરિના બોનેલ સાથે પેરા મહિલા પેર્સ (B6–B8) લોન બાઉલ્સ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો. આ જીત સાથે તેઓ કોમનવેલ્થ ગેમ્સના 96 વર્ષના ઇતિહાસમાં સૌથી વધુ વયનાં સુવર્ણ ચંદ્રક વિજેતા ખેલાડી બન્યાં છે.

- ભારત સરકારે ભારતીય વિદેશ સેવા (IFS) અધિકારી **વિશ્વેશ નેગીને** ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનમાં ભારતના આગામી રાજદૂત તરીકે નિયુક્ત કર્યા. હાલમાં તેઓ વિદેશ મંત્રાલય (MEA)માં સંયુક્ત સચિવ (Joint Secretary) તરીકે કાર્યરત છે અને ટૂંક સમયમાં રાજધાની તેહરાનમાં પોતાનો કાર્યભાર સંભાળશે. ભારતની પશ્ચિમ એશિયા (West Asia) નીતિમાં આ એક મહત્ત્વપૂર્ણ રાજદ્વારી નિમણૂક છે.

## 4 ઓગસ્ટ

- ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા વડનગરના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાને વૈશ્વિક ઓળખ આપવા માટે 'શ્રાવણોત્સવ 2026 રીલ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધા **'અનંત, અનાદિ વડનગર'** વિષયને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રીલની લાંબાઈ 1થી 3 મિનિટ અને 720p રિઝોલ્યુશન રાખવાનું રહેશે. પ્રથમ વિજતાને રૂ. 31,000, દ્વિતીય વિજતાને રૂ. 21,000 અને તૃતીય વિજેતાને રૂ. 11,000નું રોકડ ઈનામ આપવામાં આવશે.

- ગુજરાત રાજ્ય સરકાર આગમી સ્વાતંત્ર્ય પર્વ 15 ઓગસ્ટ, 2026ની ઉજવણી **અમરેલી** ખાતે કરશે  વર્ષ 2026માં દેશ **80મો** સ્વાતંત્ર્ય પર્વ ઉજવશે.

- એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA)એ કર્ણાટકમાંથી નીલમ અને તોતાપુરી કેરીની માલદીવ ખાતે પ્રથમ હવાઈ નિકાસ સુવિધા પૂરી પાડી હતી.

- ભારતની 17 વર્ષીય બેડમિન્ટન ખેલાડી **તન્વી શર્માએ** તાઇપેઇ ઓપન સુપર મહિલા સિંગલ્સની ફાઇનલમાં વિયેતનામની ન્ગુયેન થુઇ લિન્ડને હરાવીને પોતાનું પ્રથમ BWF વર્લ્ડ ટૂર ટાઇટલ જીત્યું.

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ **મહારાષ્ટ્ર ધર્મ સ્વતંત્રતા અધિનિયમ, 2026ને** મંજૂરી આપી. આ કાયદાનો મુખ્ય હેતુ બળજબરી, છેતરપિંડી, પ્રલોભન, દબાણ, ખોટી રજૂઆત અથવા લગ્નના બહાને થતા ગેરકાયદેસર

ધર્માંતરણને રોકવાનો છે. કોઈપણ વ્યક્તિ જો એક ધર્મમાંથી બીજા ધર્મમાં ધર્માંતરણ કરવા માંગે, તો તેણે જિલ્લા સત્તાધિકારીને 60 દિવસ અગાઉ લેખિત નોટિસ આપવી પડશે. ધર્માંતરણ સમારંભનું આયોજન કરતી વ્યક્તિ અથવા સંસ્થાએ પણ 60 દિવસ અગાઉ નોટિસ આપવી ફરજિયાત રહેશે. બંધારણની કલમ 25 ધર્મની સ્વતંત્રતા આપે છે. પણ બળજબરી, છેતરપિંડી અથવા પ્રલોભનથી કરાયેલ ધર્માંતરણને બંધારણીય સુરક્ષા પ્રાપ્ત નથી.

- **અરુણાચલ પ્રદેશના ગ્લોવ સરોવર (Glaw Lake)ને** રામસર સાઇટ તરીકે માન્યતા આપવામાં આવી છે. આ સાથે ભારતનાં રામસર સ્થળોની કુલ સંખ્યા **101** થઇ ગઈ છે. આ અરુણાચલ પ્રદેશનું પ્રથમ રામસર સ્થળ છે. રામસર સ્થળો આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતા ભેજવાળા વિસ્તારો (Wetlands) છે. આ માન્યતા રામસર કન્વેન્શન હેઠળ આપવામાં આવે છે. જેની સ્થાપના 1971માં ઈરાનના રામસર શહેરમાં થઇ હતી. તેનો હેતુ વિશ્વના મહત્ત્વના ભેજવાળા વિસ્તારોનું સંરક્ષણ કરવાનું છે. આ સંધિમાં ભારત 1982માં જોડાયું

## 5 ઓગસ્ટ

- પીટર એલ્બર્સ પછી આઇરિશ એવિએશન નિષ્ણાત **વિલી વોલ્શ** ઇન્ડિગોના નવા સીઈઓ બન્યા.

- **પેસિફિક મહાસાગરમાં** સ્થિત એક ટાપુ રાષ્ટ્ર, **નૌરુએ** તેનું નામ બદલીને **'નાઓરો પ્રજાસત્તાક'** રાખ્યું. રાષ્ટ્રપતિ ડેવિડ અદેઆંગના જણાવ્યા અનુસાર, આ ફેરફાર સ્વદેશી ભાષા, સંસ્કૃતિ અને ઓળખનું સન્માન કરવા માટે છે. નાગરિકોને હવે 'નૌરુઆન' ને બદલે 'દેઈ-નાઓરો' તરીકે ઓળખવામાં આવશે. વેટિકન સિટી અને તુવાલુ પછી તે વિશ્વનો ત્રીજો સૌથી ઓછો વસ્તી ધરાવતો દેશ છે.

- રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તાજેતરના ઠરાવ અનુસાર, સમગ્ર ગુજરાતમાં **ઉંદર** તેમજ અન્ય નાના જીવોને પકડવા માટે વપરાતા **'ગ્લુ ટ્રેપ' (સ્ટીકી બોર્ડ્સ)ના** ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને ઉપયોગ પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. ગ્લુ ટ્રેપ પર ખૂબ જ મજબૂત અને ન સુકાતું ગુંદર હોય છે. જ્યારે કોઈ પ્રાણી કે પક્ષી તેના પર ચોંટી જાય છે, ત્યારે તે છોડાવવાના પ્રયાસમાં ગંભીર રીતે ઘવાય છે. પ્રાણીઓ ભૂખ, તરસ, ગૂંગળામણ કે ઈજાના કારણે અત્યંત વેદનાદાયક રીતે તડપી-તડપીને મૃત્યુ પામે છે. આ પ્રક્રિયા **'પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ, 1960'ની** કલમ 11 (1)નો સીધો ભંગ કરે છે અને ભારતીય પ્રાણી કલ્યાણ બોર્ડની માર્ગદર્શિકાઓ મુજબ પણ ગેરકાનૂની છે. ઉદ્યોગ અને ખાણ વિભાગના આદેશ અનુસાર, સરકારી ખરીદી માટેના GeM પોર્ટલ તેમજ અન્ય ઈ-કોમર્સ અને ઓનલાઈન પ્લેટફોર્મ પરથી ગ્લુ ટ્રેપનું લિસ્ટિંગ તાત્કાલિક અસરથી હટાવાયું છે. તમામ સરકારી વિભાગો, બોર્ડ, કોર્પોરેશન અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને તેની ખરીદી કે ઉપયોગ પર મનાઈ ફરમાવાઈ છે. પ્રતિબંધનો ભંગ કરનાર સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય ન્યાય સંહિતાહેઠળ ગુનો નોંધવામાં આવશે.

- કેરળના **કોચીમાં ઓણમ** (લણણીનો ઉત્સવ)ના અવસરે એક અનોખો અને અદભૂત વર્લ્ડ રેકોર્ડ બન્યો છે. અહીં **સાડીનો ઉપયોગ કરીને વિશ્વની સૌથી મોટી રંગોળી** બનાવાઈ છે. તેમાં 2,000 ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલી આશરે 2,500 નવી સિલ્ક અને કાંચીપુરમ સાડીનો ઉપયોગ કરાયો છે. પ્રખ્યાત કલાકાર દા વિન્સી સુરેશ અને તેમની ટીમે એક પ્રખ્યાત સાડી બ્રાન્ડ સાથે મળીને આ કલાકૃતિ બનાવવા માટે કલાકોની મહેનત કરી છે. સામાન્ય રીતે ઓણમ માટે રંગોળી ફૂલથી બનાવાય છે, પરંતુ આ વખતે તે સાડીમાંથી બનાવાઈ છે. આ અનોખા રેકોર્ડને જોવા માટે સ્થાનિક લોકો અને પ્રવાસીઓની ભારે ભીડ ઉમટી રહી છે.

## 6 ઓગસ્ટ

- ગુજરાત સરકારે વનસ્પતિ તેલમાંથી બનતા એનાલોગ પનીર, ચીઝ, બટર પર પ્રતિબંધ લાદી દીધો છે. મહારાષ્ટ્ર સરકારે પણ આ નિર્ણય લીધો હતો. હવેથી બિનપ્રમાણિત એનાલોગ પનીર, ચીઝ, બટરનું ઉત્પાદન, પરિવહન અને વેચાણ કરી શકાશે નહીં.

- ઇલોન મસ્કની કંપની સ્પેસએક્સના **ફાલ્કન-9 રોકેટનો** એક ભાગ **ચંદ્રના આઈન્સ્ટાઈન ક્રેટર (ખાડા)** પાસે આશરે 8,700 કિમી પ્રતિ કલાકની ઝડપે ટકરાયો. આશરે ચાર ટન વજન ધરાવતો અને સ્કૂલ બસ જેટલો મોટો આ રોકેટનો ભાગ જાન્યુઆરી 2025ના મિશન પછી અંતરિક્ષમાં ભટકી રહ્યો હતો. વૈજ્ઞાનિકોનું અનુમાન છે કે આ ટક્કરથી ચંદ્રની સપાટી પર આશરે 90-100 ફૂટ પહોળો ખાડો પડી ગયો હશે. આ ઘટના વૈજ્ઞાનિકો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેનાથી વૈજ્ઞાનિકો એ સમજી શકશે કે ટક્કર સમયે ચંદ્રની ધૂળ કેટલી ઊંચાઈ સુધી ઉછળે છે, સપાટી પર શું ફેરફાર થાય છે અને ભવિષ્યનાં મિશનો પર અંતરિક્ષના કચરાની શું અસર પડી શકે છે.

- એર ઇન્ડિયાએ ઇથિયોપિયન એરલાઇન્સ ગ્રુપના ભૂતપૂર્વ વડા **ટેવોલ્ડે ગેબ્રેમારિયમને** નવા એમડી અને સીઇઓ નિયુક્ત કર્યા.

- મધ્યપ્રદેશના ઇન્દોર ખાતે તાજેતરમાં યોજાયેલી 'eRoof એન્યુઅલ 2026' સમિટમાં રાજકોટની આત્મીય યુનિવર્સિટી **સ્થિત આત્મીય ઇનોવેશન્સ ફાઉન્ડેશન (AIF)ને** રાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેશન અને નવીન વ્યવસાય સેવાઓ બદલ 'એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર 2026' એવોર્ડ મળ્યો. સંસ્થાએ અત્યાર સુધીમાં 26થી વધુ સ્ટાર્ટઅપ્સનું સફળ ઇન્ક્યુબેશન કર્યું છે અને 900થી વધુ યુવાનોને માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

- બેંગલુરુ સ્થિત ભારતીય ખગોળ ભૌતિકશાસ્ત્ર સંસ્થાના ડિરેક્ટર પ્રોફેસર **અન્નપૂર્ણિ સુબ્રમણ્યમને** વિક્રમ સારાભાઈ મેડલ એનાયત કરાયો. તેઓ આ સન્માન મેળવનારાં પ્રથમ મહિલા વૈજ્ઞાનિક અને ચોથા ભારતીય બન્યાં છે. આ મેડલ ISRO અને અવકાશ સંશોધન સમિતિ દ્વારા દર બે વર્ષે ખગોળશાસ્ત્રીઓને એનાયત કરવામાં આવે છે.

## 7 ઓગસ્ટ

- રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના 3 લાખથી વધુ શિક્ષકોના પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે **'સેવા સમાધાન પોર્ટલ**' લોન્ચ કરવામાં આવ્યું છે. આ ડિજિટલ પહેલથી શિક્ષકોને કચેરીના ચક્કર કાપવામાંથી મુક્તિ મળશે. આ પોર્ટલ મારફતે ઉચ્ચતર પગાર ધોરણ, LTC, એરિયર્સ, પૂરા પગારમાં સમાવેશ, CPF, GPF, રજા મંજૂરી અને પેન્શન જેવી 8 મુખ્ય સેવાઓનો ઓનલાઈન ઉકેલ આવશે. DEO-DPEOની કામગીરી પર સીધી નજર રખાશે.

- દર વર્ષે 7 ઓગસ્ટના રાષ્ટ્રીય હસ્તકલા દિવસ રોજ ઉજવાય છે. 1905માં લોર્ડ કર્ઝને બંગાળના ભાગલાની જાહેરાત કરી હતી, ત્યારબાદ કોલકાતાના ટાઉન હોલમાં એક જાહેર સભાથી સ્વદેશી આંદોલનની શરૂઆત થઈ હતી. તે દિવસને યાદ કરીને વર્ષ 2015માં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રીય હસ્તકલા દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી છે.

- ભારતમાં 7 ઓગસ્ટના ભાલા ફેંક દિવસ ઉજવાય છે. વર્ષ 2021માં ભારતના રમતવીર નીરજ ચોપરાએ ઓલિમ્પિક ગેમ્સમાં જવેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ જીતને ઇતિહાસ રચ્યો હતો. તે દિવસની યાદીમાં વર્ષ 2022થી જવેલિન થ્રો ડે ઉજવાય છે. એથ્લેટિક્સ ફેડેરશન ઓફ ઇન્ડિયા દ્વારા જવેલિન થ્રો દિવસની ઉજવણી કરાય છે.

- રાજ્યના નાગરિકોની સુવિધા અને પાસપોર્ટ વેરિફિકેશન પ્રક્રિયાને વધુ પારદર્શક તથા સરળ બનાવવા માટે રાજ્યના પોલીસ વડા (DGP) શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા તમામ પોલીસ સ્ટેશનો અને અધિકારીઓને મહત્વપૂર્ણદિશા-નિર્દેશો આપવામાં આવ્યા છે. પાસપોર્ટ વેરિફિકેશનની પ્રક્રિયા માટે અરજદારોને પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ બોલાવવાની કોઇ આવશ્યકતા રહેશે નહીં. પોલીસ વેરિફિકેશન દરમિયાન માત્ર અરજદારની નાગરિકતા અને તેમના ગુનાહિત પૂર્વ ઇતિહાસની જ ચકાસણી કરવાની રહેશે. જે કિસ્સામાં પોલીસને કોઇ શંકાસ્પદ બાબત જણાય અથવા વધુ ખરાઇ કરવાની જરૂરિયાત લાગે, તેવા અપવાદરૂપ કિસ્સાઓમાં જ પોલીસે રહેઠાણ સ્થળની મુલાકાત લેવાની રહેશે. જો કે, આ સંજોગોમાં પણ અરજદારને પોલીસ સ્ટેશન બોલાવવાની આવશ્યકતા રહેતી નથી.

- યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા **ગૂજરાત યુનિવર્સિટીને** Category-II Graded Autonomyનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ સિદ્ધિ મેળવનારી તે રાજ્યની પ્રથમ સ્ટેટ યુનિવર્સિટી બની છે. UGCની પૂર્વમંજૂરી વિના ગૂજરાત યુનિવર્સીટી નવા અભ્યાસક્રમો, વિભાગો અને સ્કૂલો શરૂ કરી શકાશે. આ ઉપરાંત 20% સુધી વિદેશી અધ્યાપકોની નિમણૂક અને 20% સુધી વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે.

## 8 ઓગસ્ટ

- ખાદ્ય સુરક્ષા નિયામકે ફૂડ કંપની પાઇ ફૂડ્સને તેના બે શુગર-ફ્રી સ્વીટનર્સના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો. આ સ્વીટનર્સનું નામ મોન્ક ફ્રૂટ એક્સ્ટ્રેક્ટ અને મોન્ક ફ્રૂટ સ્વીટનર ડ્રોપ છે. તપાસમાં લેબલિંગના નિયમોનું ઉલ્લંઘન જોવા મળ્યું હતું. કંપનીની વેબસાઇટ પર ડૉક્ટર રિકમેન્ડેડ જેવા દાવા કરાયા હતા, જે ખોટા છે.

- એઇમ્સ દિલ્હીએ અજ્ઞાત મૃતદેહ, લાપતા લોકોની ઓળખ માટે દેશનું પહેલું રાષ્ટ્રીય **યુએમઆઇડી (ઉમ્મીદ - Unidentified Bodies & Missing Persons Identification Portal and DNA Database) પોર્ટલ** તૈયાર કર્યું છે. આ પોર્ટલમાં મૃતદેહના ફોટો, ટેટૂ, શરીરનાં નિશાન અને ડીએનએ પ્રોફાઇલ દાખલ કરાશે. ગુમ વ્યક્તિના પરિવારજનોના ડીએનએ મેચ કરીને ઓળખની પુષ્ટિ કરાશે.

- ભારતે ઓડિશાના ચાંદીપુરથી અગ્નિ-4 બેલિસ્ટિક મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. તે 4,000 કિમી રેન્જ ધરાવતી મધ્યમ અંતરની સપાટીથી સપાટી પર પરમાણુ સક્ષમ મિસાઇલ છે. આ પરીક્ષણ DRDO અને સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ (SFC) દ્વારા કરવામાં આવ્યું હતું.

- માઇક્રોસોફ્ટે **હૈદરાબાદમાં** 'ઇન્ડિયા સાઉથ સેન્ટ્રલ' ક્લાઉડ રિજન શરૂ કર્યું. આ સાથે ભારતમાં કંપનીનાં કુલ ક્લાઉડ રિજનની સંખ્યા 4 થઇ ગઇ છે. આ નવો ક્લાઉડ રિજન વ્યવસાયોને સુરક્ષિત, વિશ્વસનીય અને ડેટા-અનુરૂપ ડિજિટલ સેવાઓ પૂરી પાડવામાં મદદ કરશે.

- **રાહુલ જૈન** વોશિંગ્ટનમાં ઇન્ટરનેશનલ મોનેટરી ફંડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરના સલાહકાર બન્યા. **બલદેવ પુરુષાર્થને** ફિલિપાઇન્સમાં એશિયન ડેવલપમેન્ટ બેંકમાં સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. **સત્યજીત મોહંતીને** કેનેડાના મોન્ટ્રીયલમાં ઇન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઇઝેશનમાં ભારતના પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

- સ્ક્વોડ્રન લીડર **ભાવના કાંત** ભારતીય વાયુસેનાનો ફાઇટર કોમ્બેટ લીડર કોર્સ પૂર્ણ કરનારી પ્રથમ મહિલા પાઇલટ બની. તે સુખોઇ-30 એમકેઆઇ ઉડાવે છે અને 2016માં સામેલ થયેલી પ્રથમ ત્રણ મહિલા ફાઇટર પાઇલટ્સમાંની એક હતી. આ કોર્સ વાયુસેનાની 'ટોપ ગન' સ્કૂલમાં હાથ ધરવામાં આવે છે.

- સરકારે વાંધાજનક ઓનલાઇન સામગ્રી દૂર કરવાની સમય મર્યાદા 24 કલાકથી ઘટાડીને 2 કલાક કરી છે. નવા IT નિયમો હેઠળ, ઓર્ડર મળ્યાના 2 કલાકની અંદર ગેરકાયદેસર સામગ્રી દૂર કરવી આવશ્યક છે. AI-જનરેટેડ ફોટા અને વિડિઓઝને લેબલ કરવું પણ ફરજિયાત રહેશે.

## 9 ઓગસ્ટ

- બિહારથી પ્રથમ વખત જીઆઇ-ટેગ ધરાવતા **મિથિલા મખાનાનો** 18 મેટ્રિક ટનનો જથ્થો દરિયાઇ માર્ગે ઓસ્ટ્રેલિયા મોકલવામાં આવ્યો. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે દરભંગાના ખેડૂતો પાસેથી સીધા જ મખાના ખરીદવામાં આવ્યા હતા.

- પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીએ 'મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર' કર્યો. હવે કોઇ એક દેશ પર હુમલો એ ત્રણેય પર હુમલો માનવામાં આવશે.

- ભારતીય ગ્રાન્ડમાસ્ટર **આર. પ્રગનાનંદાએ** અમેરિકાનો 'સેન્ટ લુઇસ રેપિડ એન્ડબ્લિટ્ઝ' ખિતાબ જીત્યો. આ તેમનો પ્રથમ રેપિડ-બ્લિટ્ઝ ખિતાબ છે.

- **આંધ્રપ્રદેશ** પેડેસ્ટ્રિયન સેફ્ટી પોલિસીને મંજૂરી આપનારું દેશનું પ્રથમ રાજ્ય બન્યું. આમાં રસ્તાઓ વાહનોને બદલે લોકો માટે અનુકૂળ બનશે. ફૂટપાથ પર 2 મીટરનો રસ્તો, દિવ્યાંગો માટે બ્રેઇલ અને ઓડિયો સિગ્નલ અને રસ્તાઓનું વૈજ્ઞાનિક ઓડિટ જરૂરી રહેશે. ફૂટપાથ નિર્માણમાં કાટમાળનો ઉપયોગ થશે.

- ભારતીય મૂળના અમેરિકન અંતરિક્ષ યાત્રી **અનિલ મેનન અને જેસિકા મીરે** ISSની બહાર લગભગ 6.5 કલાકનું સ્પેસવોક કર્યું. તેમણે પાવર સિસ્ટમ અપગ્રેડ માટે iROSA સોલર પેનલ લગાવવાનું હાર્ડવેર ફીટ કર્યું. આનાથી સ્ટેશનની વીજ ક્ષમતા વધશે. આ મેનનનું પ્રથમ સ્પેસવોક હતું.

- 9 ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસ. વર્ષ 2026ની થીમ Honouring indigenous midwives: safeguarding life and well being.

## 10 ઓગસ્ટ

- 10 ઓગસ્ટ વિશ્વ સિંહ દિવસ. આ દિવસ ઉજવણીની શરૂઆત 2013માં ડેરેક અને બેવર્લી જોબર્ટ દ્વારા કરવામાં આવી હતી. વર્ષ 2025ની વસ્તી ગણતરી મુજબ ગુજરાત રાજ્યમાં સિંહની કુલ વસ્તી **891** છે.

- લોકસભા દ્વારા **'ધી ટેક્સશન એન્ડ અધર લોઝ (એમેન્ડમૅન્ટ) બિલ, 2026'** પસાર કરવામાં આવ્યું. આ બિલ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, 2007માં સુધારો કરે છે અને સરકારને UPI તથા અન્ય નિયુક્ત ડિજિટલ ચૂકવણીઓ પર ચાર્જિસ લાદવા માટેનો કાનૂની માર્ગ મોકળો કરે છે. આ બિલ પસાર થવાનો અર્થ એ નથી કે UPI વ્યવહારો પર તાત્કાલિક શુલ્ક લાગુ થઇ જશે. કોઇપણ ચાર્જ ભવિષ્યમાં સરકાર દ્વારા બહાર પાડવામાં આવનાર અધિકૃત નોટિફિકેશન અને નિયમો પછી જ લાગુ થઇ શકશે.

- કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે **'ઈનક્રેડિબલ ઈન્ડિયા' પોર્ટલ** પર **'As Seen on Netflix'** સેક્શનનું લોન્ચિંગ કર્યું હતું. આ પહેલ પ્રવાસન મંત્રાલય અને Netflix India વચ્ચેના સંયુક્ત સહયોગથી તૈયાર કરવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ ભારતના સાંસ્કૃતિક વારસા અને પ્રવાસન સ્થળોને વૈશ્વિક સ્તર પ્રોત્સાહિત કરવાનો હતો. નેટફ્લિક્સની ફિલ્મો અને સિરીઝમાં દર્શાવવામાં આવેલાં ભારતનાં લૉકેશન્સને 'ઈનક્રેડિબલ ઈન્ડિયા' પોર્ટલ પર રજૂ કરીને પ્રવાસન અને ક્રિએટિવ ઈકોનોમીને વેગ આપવામાં આવશે.

- સંસદીય બાબતોના મંત્રાલય મુજબ, નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન (NeVA) હેઠળ દેશનાં**21 વિધાનગૃહ** સંપૂર્ણ ડિજિટલ બની ગયાં છે. કુલ 37માંથી 33 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોએ આ પ્રોજેક્ટ માટે કરાર કર્યા છે. કેન્દ્ર સરકારે આ યોજના માટે ₹138.17 કરોડની આર્થિક સહાય આપી છે. NeVAમાં માહિતી સુરક્ષિત રાખવા માટે NIC મેઘરાજ 2.0 કલાઉડ, ડિઝાસ્ટર રિકવરી સાઈટ અને ટુ ફેક્ટર ઓથેન્ટિકેશન જેવી સુવિધાઓ આપવામાં આવી છે.

- ઇથોપિયન એરલાઈન્સના પૂર્વ વડા **ટેવોલ્ડે ગેબ્રેમરિયમ (Tewolde Gebremariam)**ની એર ઈન્ડિયાના નવા CEO અને MD તરીકે નિમણૂક કરવામાં આવી.

## 11 ઓગસ્ટ

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ IIT દિલ્હીના સોનીપત કેમ્પસ ખાતે AI-સંચાલિત હાઈ-પર્ફોર્મન્સ સુપરકમ્પ્યુટિંગ ફેસિલિટી **પરમ પ્રજ્ઞા (Param Pragya)**નું ઉદ્ઘાટન કર્યું. આ સુપર કમ્પ્યુટરનો ઉપયોગ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ડેટા સાયન્સ અને અધતન સંશોધન ક્ષેત્રે કરવામાં આવશે. આ સુપરકમ્પ્યુટર HPC (હાઈ - પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગ) માટે 8 PetaFlops અને AI વર્કલોડ માટે 250 PetaFlops સુધીનું શક્તિશાળી પીક પર્ફોર્મન્સ પૂરું પાડે છે.

- મુંબઈ ખાતે કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ **દ્વારા 'ઈ-સમુદ્ર' (E-Samudra)** ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું. આ પોર્ટલ નાવિકો, શિપિંગ કંપનીઓ અને બંદરો સંબંધિત તમામ સેવાઓ માટે સિંગલ ડિજિટલ વિંડો તરીકે કામ કરે છે. **તે** બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા CMS કમ્પ્યુટર્સ ઇન્ડિયા લિમિટેડના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે, જે 72થી વધુ સેવાઓને આવરી લે છે.

- ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા દિવ્યાંગજનો માટેના 'દિવ્યાંગ એસ.ટી. બસ પાસ' (PHID)ને ડિજિલોકર (DigiLocker) સાથે જોડી દેવામાં આવ્યા. આ નાગરિક-કેન્દ્રિત ઈ-ગવર્નન્સ પહેલ બદલ ભારત સરકાર દ્વારા ગુજરાતને 'એક્સલન્સ ઈન સિટિઝન-સેન્ટ્રિક ડિજિટલ ગવર્નન્સ' એવોર્ડ એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યું છે. હવે દિવ્યાંગજનોએ પ્રવાસ દરમિયાન ફિઝિકલ પાસ સાથે રાખવો પડશે નહીં.

## 12 ઓગસ્ટ

- સીરિયાની અદાલતે પૂર્વ રાષ્ટ્રપતિ બશર અલ-અસદને મોતની સજા સંભળાવી. તેમને માનવતા વિરુદ્ધના ગુના અને યુદ્ધ અપરાધ માટે દોષિત ઠેરવવામાં આવ્યા છે. અદાલતે બશરના મામાના દીકરા આતેફ નજીબને પણ મોતની સજા આપી છે. બંને 2024થી રશિયાના શરણમાં છે.

- મહારાષ્ટ્રના નવા ધર્મ સ્વતંત્રતા કાયદા હેઠળ પહેલો કેસ પૂણેમાં નોંધાયો છે. આ કેસ ઉત્તર પ્રદેશના 22 વર્ષીય યુવક સામે દાખલ કરવામાં આવ્યો છે જે એક સગીર છોકરીને પોતાની પત્ની ગણાવતો હતો, તેને ધર્મ બદલવા માટે કહ્યું હતું. આરોપીની ધરપકડ કરીને તેના પર પોક્સોની કલમો પણ લગાવવામાં આવી છે. ધર્માંતરણના મામલામાં 7 વર્ષ સુધીની જેલ અને રૂ. 5 લાખના દંડની જોગવાઇ છે. આ કાયદો 1 ઓગસ્ટથી લાગુ થયો છે.

- ભારતીય લેખક **ગુરચરણ દાસને** નેપાળના કાઠમંડુમાં આયોજિત 40મા વિશ્વ પરિષદમાં 'લાઇફટાઇમ લિબર્ટેરિયન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા. તેઓ આ સન્માન મેળવનારા પ્રથમ ભારતીય લેખક છે. લિબર્ટી ઇન્ટરનેશનલે સ્વતંત્રતા, ઉદ્યોગ સાહસિકતા અને વ્યક્તિગત જવાબદારીના ક્ષેત્રોમાં તેમના યોગદાનને માન્યતા આપવા માટે તેમને આ એવોર્ડ અર્પણ કર્યો હતો.

- કેન્દ્રીય ગૃહમંત્રીએ પુડુચેરી પોલીસને 'પ્રેસિડેન્ટ્સ કલર્સ' અર્પણ કર્યો હતો. આ દેશના લશ્કરી અથવા પોલીસ એકમને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.

- ભારતીય અને યુએસ નૌકાદળ વચ્ચે વિસ્ફોટક ઓર્ડર્નન્સ ડિસ્પોઝલ કવાયતની 8મી આવૃત્તિ કોચીમાં શરૂ થઇબંને રાષ્ટ્રો 2005થી આવી કવાયતો કરી રહ્યા છે.

## 13 ઓગસ્ટ

- રશિયાએ પૂર્વ સીજેઆઇ **ડીવાય ચંદ્રચૂડને** યુક્રેનની સરકારી બેંક ઓશચાડ બેંકના રોકાણ વિવાદમાં પોતાના આર્બિટ્રેટર તરીકે નિયુક્ત કર્યા છે. બેંકનો દાવો છે કે રશિયાની સૈન્ય કાર્યવાહીથી તેમની સંપત્તિઓને નુકસાન થયું છે. દાવો હજારો મિલિયન ડૉલરનો છે. કેસ 1998ની રશિયા-યુક્રેન રોકાણ સંધિ હેઠળ છે.

- બ્રિટિશ પીએમ એંડી બર્નહેમે ભારતીય મૂળના રણનીતિકાર **ગૌતમ રંગરાજનને** એક્સપર્ટ એડવાઇઝર તરીકે નિયુક્ત કર્યા. તેમની પાસે પબ્લિક સર્વિસ બ્રોડકાસ્ટિંગનો 20 વર્ષથી વધુ અનુભવ છે. આ નવું પદ સરકારની કામકાજની પ્રક્રિયાઓમાં ફેરફાર સાથે જોડાયેલું છે.

- **દીપ્તિ ગૌર મુખર્જીને** ઉચ્ચ શિક્ષણ સચિવ તરીકે નિયુક્ત કરાયા. **પલ્લવી જૈન** ગોવિલ કોર્પોરેટ બાબતોના નવાં સચિવ બન્યાં. **સુનિલ પાલીવાલને** યુવા બાબતોના સચિવ તરીકે નિયુક્ત કરાયા.

- રોમાનિયામાં આયોજિત ભાષાશાસ્ત્ર ઓલિમ્પિયાડમાં ભારતે એક ગોલ્ડ અને ત્રણ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. **શ્રીલક્ષ્મી વેંકટરામને** ગોલ્ડ મેડલ જીત્યો.

- દિલ્હીએ સમયસર સરકારી સેવાઓની નાગરિકો માટે કાનૂની અધિકાર બનાવતા કાયદાને મંજૂરી આપી છે. વિલંબ થતા અધિકારીને દરરોજ રૂ.250, મહત્તમ રૂ.5,000 સુધીનો દંડ થશે; રકમ તેમના પગારમાંથી કપાશે. ફરિયાદોને ઉકેલવા માટે **'રાઇટ ટુ સર્વિસ કમિશન'ની** સ્થાપના કરાશે.

- નાસાએ ઇસરોને તેના ચંદ્ર બેઝ મિશનમાં જોડાવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેનો ઉદ્દેશ્ય ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક માનવતાનો પ્રથમ કાયમી ચંદ્ર બેઝ સ્થાપિત કરવાનો છે. ભારત અને અમેરિકા આર્ટેમિસ કરાર હેઠળ વૈજ્ઞાનિક ડેટા અને માનવ અવકાશ ઉડાન ટેકનોલોજી શેર કરવા સંમત થયા છે.

- ભારતીય નૌકાદળે કોલકાતામાં નેક્સ્ટ-જનરેશન ઓફશોર પેટ્રોલ વેસલ (NGOPV) **'શ્રુતિ'** લોન્ચ કર્યું. તે GRSE દ્વારા બનાવાયું હતું. આ જહાજનું નામ ચાર વેદોના માનમાં રખાયું છે, અને તેના શિખર પર સપ્તર્ષિ

(મહાન રીંછ) નક્ષત્ર છે. તેને દરિયાઈ દેખરેખ, શોધ અને બચાવ કામગીરી, ચાંચિયાગીરી વિરોધી પગલાં અને આપત્તિ રાહત માટે તૈનાત કરવામાં આવશે.

- ઇન્ડોનેશિયાના પૂર્વ જાવામાં આવેલા **બ્રોમો ટેન્ગર સુમેરુ નેશનલ પાર્કમાં** જંગલમાં આગ ફાટી. આ આગ માઉન્ટ બ્રોમોના કેલ્ડેરા નજીકના વિસ્તારો સુધી ફેલાઈ. **માઉન્ટ બ્રોમો** ઇન્ડોનેશિયાના પૂર્વ જાવામાં આવેલો એક સક્રિય જ્વાળામુખી છે અને તે **ટેન્ગર જ્વાળામુખી સંકુલનો** ભાગ છે. કેલ્ડેરા એ જ્વાળામુખીના મોટા વિસ્ફોટ અથવા શિખરના ધસી પડવાથી બનેલું વિશાળ જ્વાળામુખીય ખાડા જેવું ભૂ-સ્વરૂપ છે. સૂકું હવામાન, ભારે પવન અને અલ નિનોની મજબૂત થતી પરિસ્થિતિને કારણે ઇન્ડોનેશિયામાં જંગલમાં આગનું જોખમ વધ્યું છે. આ પાર્કમાં જાવા ટાપુનો સૌથી ઊંચો પર્વત **માઉન્ટ સુમેરુ** પણ આવેલ છે.

- તમિલનાડુના **થૂથુકુડી** ખાતે આવેલું **વી. ઓ. ચિદમ્બરનાર પોર્ટ** ભારતનું પ્રથમ **'સ્કોપ-2 ઉત્સર્જનમુક્ત મુખ્ય બંદર'** બન્યું. બંદરે પોતાની વીજળીની જરૂરિયાત માટે સૌર અને પવન જેવી પુનઃપ્રાપ્ય ઊર્જાનો ઉપયોગ કરીને આ સિદ્ધિ મેળવી છે. 'સ્કોપ-2 ઉત્સર્જન' એટલે કોઈ સંસ્થા દ્વારા બહારથી ખરીદવામાં આવતી વીજળી, વરાળ, ગરમી અથવા શીતલીકરણના ઉત્પાદન દરમિયાન થતું પરોક્ષ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન. સ્કોપ-1 ઉત્સર્જન કોઈ સંસ્થાના પોતાના નિયંત્રણ હેઠળના સ્રોતોમાંથી થતું પ્રત્યક્ષ ઉત્સર્જન છે, જ્યારે સ્કોપ-3 ઉત્સર્જન સંસ્થાની સમગ્ર મૂલ્ય શૃંખલામાંથી થતું અન્ય પરોક્ષ ઉત્સર્જન છે.

- 13 ઓગસ્ટ વિશ્વ અંગદાન દિવસ. એક વ્યક્તિ તેના અંગોના દાન થકી 8 લોકોનું જીવન બચાવી શકે છે. વિશ્વનું પ્રથમ અંગદાન 1954માં રોનાલ્ડ લી હેરિક નામની વ્યક્તિએ તેના જોડિયા ભાઈને તેની એક કિડની આપીને કર્યું હતું. નેશનલ હેલ્થના રિપોર્ટ મુજબ ભારતમાં દર વર્ષે 5 લાખ લોકો અંગ ન મળવાના અભાવના કારણે મૃત્યુ પામે છે.

## 14 ઓગસ્ટ

- ભારતીય વૈજ્ઞાનિકોએ ઉત્તર બંગાળની ખાડીના ઉપરના વાતાવરણમાં ઓઝોનની અસામાન્ય રીતે ઊંચી સાંદ્રતા ધરાવતું ગાઢ સ્તર શોધ્યું છે. આ સ્તર પૃથ્વીની સપાટીથી લગભગ **21થી 23 કિલોમીટરની** ઊંચાઈએ જોવા મળ્યું. સામાન્ય રીતે ઓઝોનની સર્વાધિક સાંદ્રતા 25થી 30 કિલોમીટરની ઊંચાઈએ જોવા મળે છે. પરંતુ, પૂર્વ ભારત ઉપર પ્રમાણમાં ઓછી ઊંચાઈએ ઓઝોનનું આટલું ગાઢ સ્તર મળવું વૈજ્ઞાનિકો માટે વિશેષ અને અસામાન્ય ઘટના છે. આ શોધ Phase-I NetRAD-ASMA અભિયાન દરમિયાન કરવામાં આવી. ઓઝોન સ્તર સૂર્યનાં હાનિકારક પારજાંબલી-UV કિરણોને શોષીને પૃથ્વી પરના જીવનનું રક્ષણ કરે છે.

- નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરીઝ (NABL) દ્વારા ભારતની પ્રથમ Mobile Food Testing Labs Accreditation Scheme શરૂ કરવામાં આવી છે. આ પહેલનો ઉદ્દેશ્ય પ્રમાણભૂત અને વિશ્વસનીય ખાદ્ય પરીક્ષણ સેવાઓને લોકોની નજીક પહોંચાડવાનો છે. તે અંતર્ગત લેબોરેટરી દ્વારા બજારો અને સ્થાનિક વિસ્તારોમાંથી ખાદ્ય નમૂનાઓનું સ્થળ પર જ પરીક્ષણ કરી શકાશે. મોબાઇલ લેબોરેટરી વાહનમાં સ્થાપિત હોવાથી ગામડાં, દૂરના વિસ્તારો, બજારો, મેળાઓ અને ખાદ્ય ઉત્પાદન કેન્દ્રો સુધી પહોંચી શકે છે. આ યોજના NABLના Integrated Assessment Programme અંતર્ગત અમલમાં આવશે.

- **ન્યૂયોર્ક અને ન્યૂજર્સી રાજ્યોએ** 15 ઑગસ્ટ, 2026ને સત્તાવાર ઘોષણાપત્રો દ્વારા 'India Independence Day' તરીકે માન્યતા આપી. ભારતના 80મા સ્વતંત્રતા દિવસ પહેલાં કરવામાં આવેલી આ ઘોષણામાં અમેરિકામાં

વસતા Indian-American communityના યોગદાન તેમજ ભારત અને અમેરિકા વચ્ચેના મજબૂત સાંસ્કૃતિક, આર્થિક અને રાજદ્વારી સંબંધોને માન્યતા આપવામાં આવી છે. ન્યૂયોર્ક સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલે બંને ઘોષણાપત્રોની જાણકારી જાહેર કરતાં ન્યૂયોર્કનાં ગવર્નર કેથી હોકુલ અને ન્યૂ જર્સીનાં ગવર્નર મિકી શેરિલનો આભાર વ્યક્ત કર્યો હતો.

- **2025માં ભારત** વિશ્વનું અગ્રણી Ship Recycling Nation બન્યું છે. UNCTADના આંકડા મુજબ, વૈશ્વિક શિપ રિસાયક્લિંગમાં ભારતનો હિસ્સો 2024ના 30.1%થી વધીને 2025માં **35.4%** થયો છે. ભારતની આ સિદ્ધિમાં ભાવનગરમાં આવેલું **અલંગ શિપ રિસાયક્લિંગ યાર્ડ** મુખ્ય ભૂમિકા ભજવે છે. તે દેશની લગભગ 98% શિપ રિસાયક્લિંગ પ્રવૃત્તિ સંભાળે છે. આ સિદ્ધિ સાથે ભારતે Maritime India Vision 2030 અંતર્ગત વિશ્વનું અગ્રણી શિપ રિસાયક્લિંગ કેન્દ્ર બનવાનો લક્ષ્યાંક નિર્ધારિત સમય પહેલાં હાંસલ કર્યો છે. UNCTADનું મુખ્યાલય જિનીવા, સ્વિટ્ઝર્લૅન્ડમાં આવેલું છે.

- કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે **'Gramin Gyan Setu'** મોબાઇલ એપ લોન્ચ કરી. આ એપનો હેતુ ગાંધીનગર લોકસભા મતવિસ્તારની ગ્રામ્ય અને કેન્દ્રીય લાઇબ્રેરીઓને ડિજિટલ રીતે જોડવાનો છે. તે અંતર્ગત **752 લાઇબ્રેરીઓને** ડિજિટલી જોડવામાં આવી છે. પુસ્તકો વાચકો સુધી પહોંચાડવા માટે 4 વિશેષ વાનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વાન દર 15 દિવસે ગામોની મુલાકાત લઈને પસંદ કરાયેલાં પુસ્તકો પહોંચાડશે. આ પહેલ રાષ્ટ્રીય પુસ્તકાલય દિવસના અવસર સાથે જોડાયેલી છે. 12 ઓગસ્ટે લાઇબ્રેરી વિજ્ઞાનના પ્રણેતા એસ. આર. રંગનાથનની જન્મજયંતિ નિમિત્તે National Library Day મનાવવામાં આવે છે.

- બંગાળ સરકારે ભાજપના રાજ્યસભા સાંસદ **નગેન્દ્રનાથ રૉય ઉર્ફે અનંત મહારાજ** પાસેથી 'બંગ વિભૂષણ' સન્માન પાછું ખેંચી લીધું છે. અનંત મહારાજે નેતાજી સુભાષચંદ્ર બોઝને 'યુદ્ધ અપરાધી' ગણાવ્યા હતા અને આઝાદ હિંદ ફોજ પર સવાલો ઉઠાવ્યા હતા.

- દેશના વ્યૂહાત્મક રૂપે મહત્ત્વપૂર્ણ એવા **'ચિકન નેક'** એટલે કે **સિલીગુડી કોરિડોરમાં** હવે ચોથી રેલવે લાઇન બિછાવવામાં આવશે. કેન્દ્ર સરકારે આની મંજૂરી આપી દીધી છે. માલ્દા-ન્યૂ દા-ન્યૂ જલપાઇગુડી રેલવે સેક્શન પૂર્વોત્તરને દેશના બાકીના હિસ્સાઓ સાથે જોડતો મહત્વનો માર્ગ છે.

- એર ઈન્ડિયા એક્સપ્રેસે પોતાના તમામ પાઇલોટોનો અનિવાર્ય સાઇકોએક્ટિવ સબસ્ટન્સ' (નશીલા પદાર્થો)નો ટેસ્ટ શરૂ કરાવવાનો નિર્ણય લીધો છે.

- સરકારે સરહદી વિસ્તારોના વિકાસ માટે **'વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-II'ને** મંજૂરી આપી છે. આ કાર્યક્રમ હેઠળ, આંતરરાષ્ટ્રીય સરહદ પર આવેલાં 17 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 1,954 ગામોનો વિકાસ કરવામાં આવશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ સ્થાનિક સમસ્યાઓનું નિરાકરણ અને ગામડાઓમાં માળખાગત સુવિધાઓ મજબૂત કરવાનો છે.

- સંસદે ટ્રિબ્યુનલ રિફોર્મ બિલ પસાર કર્યું. આ બિલ હેઠળ, રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ કમિશનની સ્થાપના કરવામાં આવશે. તેની અધ્યક્ષતા સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ અથવા હાઇકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ કરશે. સભ્યોનો કાર્યકાળ પાંચ વર્ષનો રહેશે. અને નિમણૂકો યોગ્યતાના આધારે થશે.

- 14 ઓગસ્ટ વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ. 1947માં ભારત અને પાકિસ્તાનના વિભાજન વખતે લાખો લોકોએ ભોગવેલી યાતનાઓ, બલિદાનો અને બેઘર થવાની દર્દનાક ઘટનાઓની યાદમાં આ દિવસ જાહેર

કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નેરન્દ્ર મોદીએ વર્ષ 2021માં 14 ઓગસ્ટના દિવસને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી હતી

## 15 ઓગસ્ટ

- બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે એશિયાનું પ્રથમ ડેઝર્ટ-થીમ આધારિત Drive-through Night Safari અને Zoological Park વિકસાવવામાં આવશે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને Central Zoo Authorityની મંજૂરી મળી છે. આ નાઇટ સફારીમાં રણપ્રદેશની વિશિષ્ટ ઇકોસિસ્ટમને કેન્દ્રમાં રાખવામાં આવશે અને મુલાકાતીઓને રાત્રિના સમયે વન્યજીવો નિહાળવાનો વિશિષ્ટ અનુભવ મળશે. પ્રસ્તાવિત પાર્ક (આશરે 103 હેક્ટર સરકારી જમીન)માં આશરે 83 પ્રજાતિઓનાં 2,700 જેટલાં પ્રાણીઓ રાખવાની યોજના છે. આ પ્રોજેક્ટનો હેતુ વન્યજીવ સંરક્ષણ, પર્યાવરણ શિક્ષણ અને ગુજરાતમાં ઇકો-ટુરિઝ્મને પ્રોત્સાહન આપવાનો છે.

- લખનઉ–નવી દિલ્હી–લખનઉ તેજસ એક્સપ્રેસ ભારતની પ્રથમ એવી રેગ્યુલર પેસેન્જર ટ્રેન બનશે, જેના નામ સાથે કોઈ વ્યાવસાયિક બ્રાન્ડનું નામ જોડવામાં આવશે. IRCTC દ્વારા **Spriteને** ટ્રેનના જાહેરાત અને બ્રાન્ડિંગ અધિકારો આપવામાં આવ્યા છે. આ અંતર્ગત ટ્રેન નંબર 82501 અને 82502ને 19 ઑગસ્ટથી 11 નવેમ્બર 2026 દરમિયાન સ્ટેશનો પર 'Sprite Tejas Express' તરીકે જાહેર કરવામાં આવશે. આ વ્યવસ્થા માત્ર જાહેરાત અને બ્રાન્ડિંગ પૂરતી છે. Sprite ટ્રેનનું સંચાલન IRCTC દ્વારા જ કરવામાં આવશે. આ પહેલનો મુખ્ય હેતુ ટિકિટના ભાવ વધાર્યા વિના રેલવેની Non-Fare Revenue વધારવાનો છે. આને ટ્રેનનું ખાનગીકરણ માનવું યોગ્ય નથી.

- કોંગ્રેસના ધારાસભ્ય **જીએસ પાટીલ** કર્ણાટક વિધાનસભાના અધ્યક્ષ ચૂંટાયા.

- 80મા સ્વતંત્રતા દિવસ પર પહેલીવાર લાલ કિલ્લા પર 'વંદે માતરમ્' ગાવામાં આવ્યું. આ સાથે રાષ્ટ્રીય ગીતનાં 150 વર્ષ પૂર્ણ થવાનો ઉત્સવ પણ ઉજવવામાં આવ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સતત 13મી વખત લાલ કિલ્લા પર ત્રિરંગો લહેરાવીને દેશને સંબોધિત કર્યો. પહેલીવાર આ ગીતની તમામ 6 કડીઓ પૂર્ણ રીતે રજૂ કરવામાં આવી.

- ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિમિટેડ અને સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા સુરેન્દ્રનગરના લખતરના **તલસાણાના** ગામે રાજ્યના સૌપ્રથમ પ્રેશરાઈઝ્ડ પ્રોજેક્ટની શરૂઆત કરાઇ છે. આ પ્રોજેક્ટ દ્વારા ખેડૂતોને નર્મદા કેનાલમાંથી સીધું ટપક સિંચાઈ માટે પાણી પૂરું પડાશે. પ્રથમ તબક્કે 8 ખેડૂતોની 48 વીઘા જમીન આવરી લેવામાં આવી છે. કેનાલથી સીધુ પાણી ખેતરના પાકના મૂળ સુધી પહોંચશે. આ સિસ્ટમ માટે 85 ટકા સુધીની સબસિડી પૂરી પડાઇ છે. ખેતર સુધી પાઈપલાઈન નાખવાના ખર્ચમાં વર્લ્ડ વાઈડ ફંડ સંસ્થા અને કોહેસન એનજીઓ દ્વારા મહત્વપૂર્ણ આર્થિક સહયોગ આપવામાં આવ્યો છે. આ પાઈલોટ પ્રોજેકટ પાછળ રૂ. 35 લાખનો ખર્ચ કરાયો છે. ધોરીયા પાળાથી ખેતી કરવામાં વર્ષે વીઘે 30 લાખ લીટર પાણીની ખપત થાય છે. પ્રેસરાઈઝ્ડ ઈરીગેશન નેટવર્ક સિસ્ટમથી માત્ર 5-6 લાખ લીટરમાં ખેતી થઇ શકશે.

- ગુજરાત પોલીસે 'ન્યૂ નેક્સ્ટ જનરેશન ચલણ સિસ્ટમ' અમલમાં મૂકી છે. નવી વ્યવસ્થામાં ઈ-ચલણ જનરેટ થવાથી દંડ ભરવા, ખોટા ચલણ સામે વાંધો નોંધાવવા અને ફરિયાદના નિકાલ સુધીની સમગ્ર પ્રક્રિયાને ઓનલાઈન કરવામાં આવી છે. ઈ-ચલણ જનરેટ થયાની તારીખથી વાહન માલિકને 45 દિવસમાં દંડ ભરવો અથવા ખોટા ચલણ સામે ફરિયાદ કરવી પડશે. ફરિયાદ માટે પરિવહન પોર્ટલ પર મોબાઈલ નંબર અપડેટ કરી

જરૂરી પુરાવા ઓનલાઈન અપલોડ કરી મામલે ફરિયાદ નોંધાવી શકશે. જો ફરિયાદ બાદ પણ ચલણ યોગ્ય ઠરે અથવા 75 દિવસની સમયમર્યાદા પૂરી થયા પછી દંડ બાકી રહે, તો પરિવહન પોર્ટલ પર સંબંધિત વાહનની લાઈસન્સિંગ અને રજિસ્ટ્રેશન સાથે જોડાયેલી સેવાઓ સ્થગિત કરી દેવામાં આવશે.

